



# સખત ગરમી વચ્ચે યુરોપના અનેક દેશોના જંગલોમાં આગ

**પોર્ટુગલ,** સ્પેન, ફ્રાન્સ અને ગ્રીસમાં ૧૯૦૦૦ હેક્ટર કરતા વધુ જમીન પરની વનસ્પતિ બળી ગઇ

**આગ** સામે ઝઝૂમી રહેલા ફાયર ફાઇટરો: હજારોનું સ્થળાંતર

એથેન્સ, પેરિસ, તા. ૬: દક્ષિણ ફ્રાન્સમાં સોમવારે વિનાશક દાવાનળ ફાટી નીકળતાં હજારો લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા, જ્યારે ગ્રીસમાં ધુમાડાના ઝેરી વાદળો ઘેરાયા હતા અને સ્પેનના કોસ્ટા બ્રાવાને એલર્ટ પર રાખવામાં આવ્યું હતું.યુરોપમાં તાપમાન ફરી વધી રહ્યું હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે, જ્યાં તાજેતરમાં જ રેકોર્ડ તોડનાર ગરમીના મોજા બાદ હજી પણ શેકાઇ રહેલા કેટલાક વિસ્તારોમાં તાપમાન 40C સુધી પહોંચવાની આગાહી કરવામાં આવી છે. પોર્ટુગલ, સ્પેન, ફ્રાન્સ અને ગ્રીસમાં 19,000 હેક્ટર કરતાં વધુ જમીનને બરબાદ કરનાર આ ભીષણ આગ પર કાબૂ મેળવવા માટે સેંકડો અગ્નિશામકો ઝઝૂમી રહ્યા છે. દક્ષિણ-પશ્ચિમ ફ્રાન્સમાં પર્પિગ્નન શહેરની નજીક, ખાસ વિમાનોના સપોર્ટ સાથે 700 અગ્નિશામકો એક દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં ફેલાયેલી મોટી આગ પર કાબૂ મેળવવા માટે મથામણ કરી રહ્યા છે, જ્યાંથી 10,000 થી વધુ સ્થાનિક રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, પવન, અતિશય ગરમી અને અપવાદરૂપે સૂકી હવાને કારણે રવિવારની વહેલી સવારથી આગનું કદ લગભગ ત્રણ ગણું વધી ગયું છે, જેણે 4,600 હેક્ટર જમીનને લપેટમાં લઈ લીધી છે અને આ ઘટનામાં એક અગ્નિશામક તેમજ એક સ્થાનિક રહેવાસી ઘાયલ થયા છે.

# ન્યૂયોર્કમાં નાના વિમાનનું નદીમાં હાર્ડ લેન્ડિંગ: મુસાફરોનો આબાદ બચાવ



**ટર્બો** પ્રોપ વિમાનમાં આઠ જણા હતા, બેને સામાન્ય ઇજા

ન્યૂયોર્ક, તા. ૬: ન્યૂયોર્ક સિટીમાં આઠ લોકોને લઈ જઈ રહેલું એક સીપ્લેને બેકાબૂ થઈને હજારો ચિંતીત લોકોની નજર સામે ઈસ્ટ રિવરમાં મહામુશ્કેલીએ ઉતરાણ કર્યું હતું.


NYC ફાયર ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે કોડિયાક 100 સિંગલ-એન્જિન ટર્બો પ્રોપ પ્લેને પાણી પર હાર્ડ લેન્ડિંગ કર્યું હતું, પરંતુ સવાર તમામ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા હતા. તેમાંના બે ૧૬ વર્ષના ક્લો ટૉડ અને તેના ૭૫ વર્ષના દાદી અડા ટૉડ હતા, જેઓ અડાના એક મિત્રનો જન્મદિવસ ઉજવવા હેમ્પટન્સમાં ગયા હતા. FDNY એ જણાવ્યું કે, 'પ્લેન પાણીમાં સીધું છે અને તેને પાછું જેટી તરફ ખેંચી જવામાં આવી રહ્યું છે. FDNYના યુનિટ્સ દ્વારા આઠ નાગરિકોને પ્લેનમાંથી બહાર કાઢવામાં આવ્યા છે.' સામાન્ય ઈજાઓ ધરાવતા બે નાગરિકોની ઈમરજન્સી મેડિકલ સર્વિસિસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ન્યૂયોર્કવાસીઓએ પ્લેનને તોફાની પાણી સાથે અથડાતું અને આંશિક રીતે પલટી જતું, તેમજ બચાવ નૌકાઓને તે દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાંથી મુસાફરોને મદદ કરવા માટે ઝડપથી દોડતી જોઈને વીડિયો શૂટ કર્યા હતા.

# તેહરાનમાં ખામેનેઈની વિશાળ શબયાત્રા નિકળી: હજારો લોકો ઉમટી પડયા

**અલી** ખામેનેઇ અને તેમના કુટુંબીજનોની શબપેટીઓ તેહરાનના મુખ્ય માર્ગો પર ફેરવવામાં આવી

તેહરાન, તા. ૬(AP): ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના અંતિમ સંસ્કારના ભાગરૂપે યોજાયેલી શોકયાત્રા માટે સોમવારે કાળા કપડાં પહેરેલા શોકાતુર લોકોની ભીડ ઈરાનની રાજધાનીમાં ઉમટી પડી હતી. આ ભીડમાં સામેલ લોકો અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના મોતના નારા લગાવી રહ્યા હતા.

ખામેનેઈ અને તેમના પરિવારના સભ્યોના શબપેટીઓ એક ટ્રક પર રાખવામાં આવ્યા હતા. ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા શરૂ કરાયેલા યુદ્ધની શરૂઆતમાં ૨૮ ફેબ્રુઆરીએ થયેલા હવાઈ હુમલામાં તેઓ માર્યા ગયા હતા. આ ટ્રકને કોઈ ઈમામની દરગાહની આસપાસ હોય તેવી સુશોભિત જાળી જેવો આકાર આપીને સજાવવામાં આવી હતી. ઈરાનની ધર્મશાહી સરકાર દ્વારા શક્તિ પ્રદર્શનના રૂપમાં આટલી વિશાળ જનમેદની એકઠી કરવા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ ભીડ એવા સમયે એકઠી થઈ છે જ્યારે ઈરાન ૮૬ વર્ષીય ધર્મગુરુના મોતના કારણ બનેલા યુદ્ધનો કાયમી અંત લાવવા માટે અમેરિકા સાથે વાટાઘાટો કરી રહ્યું છે.ઈરાનના સરકારી ટેલિવિઝન પર પ્રસારિત હેલિકોપ્ટરના દ્રશ્યોમાં તેહરાનના આઝાદી સ્ક્વેરથી લઈને તે જ નામના મલ્ટીલેન રોડ પર કેટલાય કિલોમીટર સુધી ફેલાયેલી એક વિશાળ ભીડ જોવા મળી હતી. આ ભીડ ૨૦૨૦માં દિવંગત રિવોલ્યુશનરી ગાર્ડના જનરલ કાસિમ સુલેમાનીની શોકયાત્રા કરતાં પણ વધુ મોટી લાગતી હતી, જેમાં ૧૦ લાખથી વધુ લોકો ઉમટ્યા હતા. જ્યારે આ ટ્રક ધીમે ધીમે રસ્તા પર આગળ વધી રહી હતી ત્યારે સત્તાવાળાઓ દ્વારા ભીડની સંખ્યા અંગે તાત્કાલિક કોઈ આંકડો આપવામાં આવ્યો ન હતો. શોકાતુર લોકો શબપેટી લાવતી ટ્રકને સ્પર્શ કરવા માટે હાથ લંબાવી રહ્યા હતા, અને કેટલાક લોકો સ્કાફ અને અન્ય વસ્તુઓ ત્યાં હાજર સેવકો તરફ ફેંકી રહ્યા હતા જેથી તે શબપેટીને સ્પર્શી શકે, જેને ઈરાનમાં આશીર્વાદ મેળવવાની એક સામાન્ય પ્રથા માનવામાં આવે છે.



## ટ્રમ્પ અને નેતાન્યાહુના મોતની હાકલો ઉગ્ર બની

જો કે, જેમ જેમ અંતિમ સંસ્કારની વિધિ આગળ વધી રહી છે, તેમ તેમ શોકાતુર લોકો તરફથી ખામેનેઈના મોતનો બદલો લેવાની માંગ વધુ તીવ્ર બની રહી છે. શોક વ્યક્ત કરનારા લોકો અને તેમના હાથમાં રહેલા બોર્ડ પર ટ્રમ્પ અને ઇઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ બંનેની હત્યા કરવાની માંગ કરવામાં આવી રહી હતી. સોમવારે શોકયાત્રાના રૂટ પર આવા જ ચિહ્નો ફરી જોવા મળ્યા હતા, જેમાં ટ્રમ્પનું એક પૂતળુ ફાંસીએ લટકાવવામાં આવ્યું હતું.



# તેહરાનના આઝાદી ચોકમાં ખામેનેઈના વીંટીવાળા હાથનું શિલ્પ ઊભું કરાયું

**આ** શિલ્પ ઇરાનમાં દઢતાનું એક પ્રતિક બની ગયું છે

તેહરાન, તા. ૬: તેહરાનના પ્રતિષ્ઠિત આઝાદી સ્ક્વેર ચોક પર દિવંગત નેતા અલી ખામેનેઈના પ્રતીકાત્મક વીંટીવાળા હાથનું એક વિશાળ શિલ્પ ઊભું કરવામાં આવ્યું છે, જે ઈરાનના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતાને આપવામાં આવેલી શ્રદ્ધાંજલિ છે અને તે ઝડપભેર દઢતાનું એક મહત્વનું પ્રતિક બની ગયું છે.

ઈરાનની ઈસ્લામિક ક્રાંતિના સૌથી મહત્વપૂર્ણ સ્થળોમાંના એક એવા આઝાદી સ્ક્વેર પર સ્થાપિત આ વિશાળ શિલ્પ ખામેનેઈની વિશિષ્ટ વીંટી ધરાવતા હાથનું છે-જેમના સમર્થકોનું કહેવું છે કે ૨૮ ફેબ્રુઆરીના હવાઈ હુમલા પછી તેમની ઓળખ કરવા માટે આ વીંટી એક મુખ્ય માધ્યમ બની હતી. માત્ર ચાર દિવસમાં તૈયાર કરાયેલું આ સ્મારક હવે તે સંદેશને મજબૂત કરે છે જેને ઘણા લોકો દઢતા અને રાષ્ટ્રીય એકતાના પ્રતીક તરીકે વર્ણવી રહ્યા છે. ઈરાન તેના ભૂતપૂર્વ સર્વોચ્ચ નેતાના સન્માનમાં એક સપ્તાહ લાંબી અંતિમ સંસ્કારના કાર્યક્રમોની શ્રંખલા યોજી રહ્યું છે, જેમનું ૨૮ ફેબ્રુઆરીના રોજ એક હવાઈ હુમલામાં મૃત્યુ થયું હતું. આ સાથે જ તેમના ૩૬ વર્ષના શાસનનો અંત આવ્યો છે અને ઈરાન, અમેરિકા તથા ઈઝરાયેલ વચ્ચેના સંઘર્ષમાં મોટો વધારો થયો છે.

# યુક્રેનની રાજધાની પર રશિયાનો ભીષણ હવાઈ હુમલો, 21નાં મોત

**યુક્રેનમાં** બેલિસ્ટિક મિસાઈલોને રોકવા માટેની મિસાઈલોની અછતનો લાભ લઈ રશિયાએ મિસાઈલો છોડી

**રશિયાના** કબજા હેઠળના ક્રિમીઆમાં યુક્રેનિયન હુમલાને કારણે વીજ પુરવઠો ખોરવાયો

કીવ, તા. 6 (એપી): રશિયાએ સોમવારે વહેલી સવારે યુક્રેનની રાજધાની કીવ પર મિસાઈલ અને ડ્રોન વડે ભીષણ હુમલો કર્યો હતો. સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ઓછામાં ઓછા 21 લોકોનાં મોત થયાં છે અને 77 લોકો ઈજાગ્રસ્ત થયા છે. મુખ્ય લક્ષ્ય રહેલા કીવ શહેરમાં 15 લોકોનાં મોત થયાં છે અને 56 લોકો ઘાયલ થયા છે. જ્યારે કીવની આસપાસના વિસ્તારોમાં અન્ય 6 લોકોનાં મૃત્યુ થયાં છે અને 21 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

રશિયા દ્વારા છોડવામાં આવેલી તમામ બેલિસ્ટિક મિસાઈલો તેમના નિશાન પર ત્રાટકી હતી, જે યુક્રેનની હવાઈ સંરક્ષણ પ્રણાલીની નબળાઈ અને પેટ્રિઅટ ઈન્ટરસેપ્ટર મિસાઈલોની ભારે અછતને દર્શાવે છે. રહેણાંક વિસ્તારોમાં આવેલી હાઈ-રાઈઝ ઈમારતો પર સીધા પ્રહારો થવાને કારણે કટોકટી વ્યવસ્થાપનના કર્મચારીઓ કાટમાળ નીચે દબાયેલા લોકોને શોધી રહ્યા છે.

યુક્રેનની એરફોર્સે જણાવ્યું કે રશિયાએ રાત્રિ દરમિયાન સેંકડો ડ્રોન અને ડઝનબંધ મિસાઈલો છોડી હતી, જેમાંથી 29 બેલિસ્ટિક મિસાઈલો સીધી લક્ષ્ય પર ત્રાટકી હતી. એરફોર્સના પ્રવક્તા યુરી ઇહનાતે જણાવ્યું કે બેલિસ્ટિક મિસાઈલોને રોકવા માટે યુક્રેન અને સમગ્ર વિશ્વમાં ઇન્ટરસેપ્ટર મિસાઈલોની ભારે અછત છે અને રશિયા આ જ નબળાઈનો ફાયદો ઉઠાવી રહ્યું છે. આ હુમલા બાદ યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ અમેરિકા અને યુરોપિયન ભાગીદારોને એર ડિફેન્સ મજબૂત કરવા અપીલ કરી છે. ઝેલેન્સકી આ અઠવાડિયે તુર્કીના અંકારામાં યોજાનારી નાટો સમિટમાં એર ડિફેન્સ મજબૂત કરવાનો મુદ્દો ફરી ઉઠાવશે. વિશ્વમાં દર મહિને જેટલી મિસાઇલો બને છે, તેના કરતાં વધુ રશિયા યુક્રેન પર છોડી રહ્યું છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયનો દાવો છે કે આ હુમલામાં કીવમાં ડ્રોન અને હથિયારો બનાવતી ફેક્ટરીઓને નિશાન બનાવવામાં આવી હતી.



## રશિયા પર યુક્રેનના વળતા હુમલા

બીજી તરફ, રશિયાના કબજા હેઠળના ક્રિમીઆમાં યુક્રેનિયન હુમલાને કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. રશિયાના યારોસ્લાવલ ક્ષેત્રમાં પણ તેલ રિફાઇનરીને લક્ષ્ય બનાવીને કરાયેલા ડ્રોન હુમલામાં 2 લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. ઉપરાંત યુક્રેનના સૈન્યએ રશિયાની સરહદથી 2500 કિલોમીટર દૂર પશ્ચિમ સાઇબેરિયામાં આવેલી રશિયાની સૌથી મોટી ઓમ્સ્ક ઓઇલ રિફાઇનરી પર ડ્રોન હુમલો કર્યો છે. રશિયન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, તેમની એર ડિફેન્સે આખી રાતમાં 519 યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા હતા.

પેજ 3

## આમિર ખાન ગૌરી સાથેના લગ્નમાં ચાંદીની ભારે પાયલ પહેરી



મુંબઈ, તા. 6: બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાન અને ગૌરી સ્પ્રેટે રવિવારે મુંબઈમાં પોતાના ઘરે જ 150 જેટલા ખાસ મહેમાનોની હાજરીમાં લગ્ન કર્યા હતા. 61 વર્ષના વરરાજા આમિર ખાને ક્લાસિક વ્હાઇટ ધોતી-કુર્તા સાથે ભારે ચાંદીની પાયલ પહેરી હતી, જેના પગલે સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ હતી. ગળાનો હાર કે કાનની બાલી નહીં, પણ આમિરની આ પાયલે આખી લાઈમલાઈટ ચોરી લીધી હતી. બીજી તરફ, 47 વર્ષની દુલ્હન ગૌરી સફેદ લેહેંગા, હેવી ચોકર અને ચોટલામાં ફૂલો સજાવીને બિલકુલ રોયલ લુકમાં અતિ સુંદર લાગી રહી હતી.

# જમ્મુ-કાશ્મીર: ધો. 7ના વિદ્યાર્થીને શાળામાં કલાકો સુધી લોક કરાયો

**સમગ્ર** સ્ટાફ સસ્પેન્ડ, ઘટનાની તપાસના આદેશ અપાયા

બનિહાલ/જમ્મુ, તા. 6 (PTI): રામબન જિલ્લામાં ગત સપ્તાહે 15 દિવસના ઉનાળુ વેકેશનના છેલ્લા કાર્યકારી દિવસે ધોરણ સાતનો એક વિદ્યાર્થી તેના વર્ગખંડમાં સૂઈ ગયા બાદ અકસ્માતે સરકારી મિડલ સ્કૂલની અંદર લોક થઈ ગયો હતો, જેને પગલે સત્તાવાળાઓએ તપાસના આદેશ આપ્યા છે અને શાળાના સમગ્ર નવ સભ્યોના સ્ટાફને સસ્પેન્ડ કરી દીધો છે. એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

શાળા બંધ થયાના ચાર કલાકથી વધુ સમય પછી જ્યારે એક વટેમાર્ગુએ તેની મદદ માટેની ચીસો સાંભળી ત્યારે છોકરાને બચાવી લેવાયો હતો. વટેમાર્ગુએ તેને લોક કરેલા વર્ગખંડમાંથી મુક્ત કર્યો હતો અને આ ઘટનાનો એક વીડિયો રેકોર્ડ કર્યો હતો, જે પાછળથી સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.સીઈઓ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર આદેશ અનુસાર, આ ઘટના 4 જુલાઈ, 2026ના રોજ બની હતી, જ્યારે વિદ્યાર્થી શાળાના કલાકો પછી અને ઉનાળુ વેકેશન શરૂ થાય તે પહેલાં રાત્રે 8 વાગ્યાની આસપાસ શાળાની ઈમારતની અંદર લોક થયેલો જોવા મળ્યો હતો.આદેશમાં આ ઘટનાને વિદ્યાર્થીઓની સુરક્ષા અને દેખરેખ માટે જવાબદાર અધિકારીઓ દ્વારા ભારે બેદરકારી અને ફરજમાં ચૂક તરીકે વર્ણવવામાં આવી છે. તેમાં હાઈલાઈટ કરવામાં આવ્યું હતું કે, આ ખામી બાળકના જીવન અને સુરક્ષાને જોખમમાં મૂકવાની ક્ષમતા ધરાવતી હતી.

# રાત્રે હેડલાઈટ વગર મોબાઈલ ટોર્ચથી દોડતી KKRTC બસનો વીડિયો વાયરલ



**ફરજમાં** બેદરકારી બદલ બસ-ડ્રાઇવર સહિત ત્રણ સ્ટાફ સભ્યો સસ્પેન્ડ

કલાબુર્ગી (કર્ણાટક), તા. 6 (પીટીઆઈ): સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે જેમાં કેકેઆરટીસીની બસ હેડલાઇટ વિના ચલાવવામાં આવી રહી છે અને બસના કર્મચારીઓ મોબાઈલ ફોનની ટોર્ચલાઇટનો ઉપયોગ કરી રહ્યા છે. જેનાથી મુસાફરોની સુરક્ષા અંગે ચિંતાઓ ઊભી થઈ છે. ફરજમાં બેદરકારી બદલ બસ-ડ્રાઈવર સહિત ત્રણ સ્ટાફ સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ વીડિયોમાં કલ્યાણ કર્ણાટક રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (કેકેઆરટીસી)ની કલાબુર્ગી-ચિંચોલી રૂટ પર ચાલતી બસ હેડલાઈટ વગર રાત્રિના સમયે ઘોર અંધારામાં દોડતી જોવા મળે છે. જ્યારે ડ્રાઈવર બસ ચલાવી રહ્યો છે ત્યારે કંડક્ટર કથિત રીતે મુસાફરોના જીવ જોખમમાં મૂકીને આગળનો રસ્તો જોવા માટે મોબાઈલ ફોનની ટોર્ચલાઈટનો ઉપયોગ કરતો જોવા મળે છે.

કેકેઆરટીસીના કલાબુર્ગી ડિવિઝન-1ના ડિવિઝનલ કંટ્રોલર એસ.જી. ગંગાધરે જણાવ્યું હતું કે, ૪ જુલાઈના રોજ બનેલી આ ઘટનાના સંબંધમાં બસ-ડ્રાઈવર સહિત ત્રણ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

૪ જુલાઈના રોજ ચિંચોલી-કલાબુર્ગી રૂટ માટે ફાળવવામાં આવેલી કેએ 28 એફ-1985 બસ, હેડલાઈટ ખરાબ હોવાને કારણે મોબાઈલ ટોર્ચ લાઈટના સહારે દોડાવવામાં આવી હતી. આ સંદર્ભે અધિકારીઓએ ચિંચોલી યુનિટની મુલાકાત લીધી હતી અને નિરીક્ષણ અહેવાલ સુપરત કર્યો હતો.

એક નિવેદનમાં જણાવાયા મુજબ, બસનું યોગ્ય રીતે સમારકામ ન કરનાર ટેક્નિકલ સ્ટાફ શિવાનંદ, તેનું સુપરવિઝન ન કરનાર ટેક્નિકલ સુપરવાઈઝર બસવરાજ અને વાહનનું સમારકામ કરાવ્યા વિના બેદરકારીપૂર્વક વાહન ચલાવનાર ડ્રાઈવર આકાશને ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે."